ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૫-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### શુભ મંગલ હો, શુભ મંગલ હો, શુભ મંગલ મંગલ મંગલ હો!

ઈવીએમની મૅજિક બૉક્સ ખૂલે એ પહેલાં જ અત્રતત્ર સર્વત્ર કેન્દ્રમાં નવી સરકારનાં એંધાણ વરતાઈ રહ્યાં છે. એકાદ એન્જસીને કે વિજય સંઘવી જેવા એકાદ વરિષ્ઠ પત્રકારને બાદ કરતાં બધી જ તજજ્ઞ સંસ્થાઓ અને વ્યક્તિઓએ મોદીના રાજયારોહણની આગોતરી આલબેલ પોકારી છે. આપણે પણ આપણા મુખ્યમંત્રીને એમની રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાના માર્ગે પ્રયાણ કરતી વેળાએ ઉમળકાભરી વિદાય પાઠવીએ. ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ૨૦૧૪નો ઐતિહાસિક ચૂંટણી જંગ લડવાનો નિર્ણય કર્યો તે જ ક્ષણે નક્કી થઈ ગયું હતું કે નરેન્દ્ર મોદી પાર્ટી કરતાં ઉફરા ઊઠી એમની વ્યાપક માયાજાળને જોતરી આ જંગ જીતી લેવા મરણિયા બની જશે. મોદીમાં સિકંદર, નેપોલિયન અને ચંગેઝખાન જેવા વિશ્વવિજેતાઓના જિન્સનો ત્રિવેણી સંગમ રચાયેલો છે. એ દૃષ્ટિએ તેઓ એકવીસમી સદીના સૌથી પ્રતિભાશાળી અને સૌથી વધારે વિવાદાસ્પદ નેતા છે. ગુજરાતીઓને આવું નેતૃત્વ ઘણાં વર્ષો પછી સાંપડ્યું છે. સરદાર પટેલ પછી એક ચીમનભાઈ પટેલને બાદ કરતાં આવી ઝુઝારુ વિજિગીષા (જીતવાની ઈચ્છાશક્તિ) અન્ય કોઈ ગુજરાતી રાજપુરુષમાં જોવા મળી નથી. મોરારજી દેસાઈમાં મોદીની સરખામણીએ ઊંચું શીલ અને ચારિત્ર્યબળ હોઈ શકે છે, પરંતુ એમની 'માસ અપીલ' ઘણી મર્યાદિત હતી. મોદીની માસ અપીલ પંડિત નહેરુ, ઈન્દિરા ગાંધી અને અટલબિહારી વાજપેયી જેવા નેતાઓના બરની છે, તે આ ચૂંટણી દરમિયાન એમણે એકલા હાથે ચલાવેલી પ્રચંડ પ્રચાર ઝુંબેશ અને સામે એમને સાંભળવા એકત્ર થતી સ્વયંભૂ જનમેદનીએ સાબિત કરી આપ્યું છે. જો કે પરિણામ જાહેર થાય એ પહેલાં જ ભાજપે વિજયોત્સવની તૈયારીઓ શરૂ કરી દીધી છે, લાડુનો મોટો ઑડર આપી દીધો છે અને નરેન્દ્રભાઈની વિજયયાત્રાનો કાર્યક્રમ પણ ઘડી કાઢ્યો છે. જે રીતના અણસાર સાંપડી રહ્યા છે તે જોતાં નરેન્દ્રભાઈ વડોદરા અને વારાણસી બેઉ બેઠકો મોટા માર્જિનથી જીતી રહ્યા હોઈ બેઉ સ્થળે વિજયોત્સવનો માહોલ રહેશે. સત્તરમીએ વારાણસી પહોંચીને ગંગા આરતીનો કાર્યક્રમ પણ કરવાનો છે. પરંતુ એ પહેલાં પાર્ટીના વરિષ્ઠોને 'ઠેકાણે' પાડવાની પળોજણ પણ છે જ. નરેન્દ્ર મોદી અત્યાર સુધી એમની સામે ઊભા થયેલા અથવા કરાયેલા તમામ પડકારોને પહોંચી વળ્યા છે ત્યારે અડવાણી, મુરલી મનોહર જોશી અને સુષમા સ્વરાજ જેવાં ત્રણેક અસંતુષ્ટોને નવા સેટ-અપમાં ગોઠવવાં ખાસ અઘરાં નહીં જ પડે. અલબત્ત, સુષમા માગે છે તેવાં લુક્રેટિવ અને પ્રતિષ્ઠાવાળાં ખાતાં કદાચ નરેન્દ્રભાઈ એમના વિશ્વાસુ સાથીઓને જ આપવાનું પસંદ કરે તે બનવા જોગ છે. પર્યાવરણનાં તજજ્ઞ ગણાતાં મેનકા ગાંધીએ મોદીની નદીઓ જોડવાની યોજનાને 'બકવાસ' કહી દીધી છે. અડવાણીને સંવૈધાનિક પદ ખપે છે. આવા વ્યવધાનો સામે ઍનડીએના ઘટકપક્ષોનાં હિતો પણ જોવાં પડશે, અને ભાજપ સહિત તમામ સાથી પક્ષોના ચૂંટાયેલા સાંસદો એક મુદ્દે તો સહમત જ હશે કે એમની સીટ જિતાડી આપવામાં નરેન્દ્ર મોદીના નામનો જાદુ જ સૌથી મહત્વનું ઘટક હતું. આટલી સાદી સમજણ પછી ભાગ્યે જ કોઈ નરેન્દ્ર મોદીની મરજી વિરુદ્ધ વર્તવાનું વિચારી સુધ્ધાં શકે. જો કે ૨૭૨નો જાદુઈ આંકડો પાર ન થઈ શકે એવી સ્થિતિમાં નવા સાથીઓની શોધ પણ એટલી અઘરી નહીં જ નીવડે એવું અત્યારે તો ખુદ એમના હરીફોને પણ લાગી રહ્યું છે. જયલલિતા જયરામ તમિલનાડુમાં ત્રીસ ઉપર બેઠકો લાવે એવી શકયતા વરતાઈ રહી છે ત્યારે એમના અંતરંગ શુભેચ્છક ગણાતા મોદીનો એકાદ ફોન જ ફળદાયી નીવડી શકે એમ છે. નવીન પટનાયક ઓડિશાને વિશેષ પૅકેજ આપવાની શરતે ઍનડીએ સાથે જોડાઈ શકે એવા સ્પષ્ટ સંકેતો સાંપડી રહ્યા છે. જો કે હજી 'મોજી વિરુદ્ધ બધા' વાળી નકારાત્મક રાજનીતિ પણ ચાલુ જ છે. ફકત સોળમી મેની સાંજે જ ખબર પડશે કે સોનિયા ગાંધી સહિત મોદી હટાવો ઝુંબેશ ચલાવી રહેલ નેતાઓ એમના મિશન માટે જરૂરી સમર્થન એકઠું કરી શકે કે કેમ! મોદી વેવના સપાટામાં મયાવતી અને મુલાયમ પણ હાંસિયે ધકેલાઈ ગયાં હશે તો કોંગ્રેસની રહીસહી આશા પર પાણી ફરી વળશે. બધું જ શુક્રવારની સાંજ સુધીમાં ચોખ્ખું થઈ જશે.

# કલરવનો આઠમો બાલોત્સવ રંગેચંગે ઉજવાયો

## બાળકોએ વિવિધ નૃત્યો અને નાટકો રજૂ કર્યા : દરેક કૃતિ પહેલા તેના વિશે બાળકોએ જાતે માહિતી આપી

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગરમાં જાણીતી સંસ્થા કલરવ દ્વારા ઉનાળુ વેકેશનના પગલે ૧૨ દિવસનો આઠમો બાલોત્સવ યોજવામાં આવ્યો હતો. આ બાલોત્સવનું સમાપન ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યું હતું. જ્યાં બાળકોએ એક પછી એક ઉત્કૃષ્ટ કૃત્તિઓ રજૂ કરીને હાજર તમામ વાલીઓને દિગ્મૂઢ કરી દીધા હતા.



કલરવ સંસ્થા દ્વારા વેકેશનમાં બાળકો રચનાત્મક પ્રવૃત્તિ કરે અને તેમનામાં રહેલી રંગમંચલક્ષી કળા વિકસે તે હેતુથી સેક્ટર-૮માં આવેલ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ૧૨ દિવસીય બાલોત્સવ શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં બાળકોને રંગમંચ અને નાટ્ય કળા વિકસે તે હેતુથી પદ્ધતિસર તાલીમ તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી. આ બાલોત્સવના અંતે બાળકોએ શિખેલી કળાને પ્લેટફોર્મ આપી અભિવ્યક્ત કરવાના હેતુથી આજે ટાઉનહોલ ખાતે ખાસ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં બાળકોને તેમની કૃત્તિઓ રજૂ કરવાનો મોકો અપાયો હતો.

આ સમારંભમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હર્ષદભાઈ શાહ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા, કલ્પતરુ પાવર કંપનીના કમલ કિશોર જૈન, પૂર્વસચિવ વી. એસ. ગઢવી, દિનેશભાઈ પટેલ, રોટરી કલબના પ્રમુખ રાહુલ મહેતા, એડવોકેટ અશ્વિન ત્રિવેદી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. સમારંભનો પ્રારંભ દીપ પ્રાગટ્ય દ્વારા કરાયો હતો અને ત્યારબાદ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમોમાં બાળકોએ રાજસ્થાની નૃત્ય, પંજાબી નૃત્ય, ડાંગી નૃત્ય, આદિવાસી નૃત્ય, કથ્થક, ભરત નાટ્યમ અને દેશ ભક્તિના ગીત રજૂ કર્યા હતા. આ ઉપરાંત બાળકોએ નિતિન પટેલ અને તુષાર દવે દિગ્દર્શિત નાટકો પણ રજૂ કર્યા હતા. બાળકોએ રજૂ કરેલ નાટક 'નાના અમે તો નાના જ સારા' જોઈને હોલમાં હાજર વાલીઓ સહિત તમામ લોકો અભિભૂત થઈ ગયા હતા.

આ ઉપરાંત કલરવ સંસ્થાના મહિલા તજજ્ઞો જેઓએ બાળકોને બાલોત્સવ દરમિયાન વિવિધ કળાની તાલીમ આપી હતી તેઓએ પણ 'મન મોર બની થનગાટ કરે' ગરબો રજૂ કર્યો હતો. આ મહિલા તજજ્ઞોમાં આશાબેન સરવૈયા અને વર્ષાબેન પારેખ, જયશ્રી ખેતિયા, પ્રજ્ઞાબેન ગજ્જર, મીતિ ભટ્ટ સહિત બીજા અન્ય જાણીતા તજજ્ઞોનો સમાવેશ થાય છે. આ બાલોત્સવમાં એક ખાસ બાબત એ હતી કે પ્રત્યેક કૃત્તિ રજૂ કરતા પહેલા બાળકો પોતે જ તે કૃતિ અંગેની જાહેરાત કરતા હતા. જેમાં કૃતિ વિશે પૂરતી માહિતી પણ આપતા હતા. આ સમારંભમાં એક પછી એક અનેક અનોખી કૃત્તિઓ જોઈને તમામ વાલીઓ અને ઉપસ્થિત મહાનુભાવો ભાવવિભોર થઈ ગયા હતા અને કલરવ સંસ્થાને તેમના ઉત્કૃષ્ટ પ્રયાસ બદલ બિરદાવી હતી.



### ધોરણ ૧૦નું પરિણામ ૨ જૂને જાહેર થશે

# ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૭મી મેએ જાહેર

## ગુજકેટની પરીક્ષાનું પરિણામ ૨૩મીના દિવસે જાહેર થશે

અમદાવાદ, તા.૧૪
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ ૨૦૧૪માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ જાહેર કરવાની પ્રક્રિયા શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવી છે જે મુજબ શિક્ષણ બોર્ડના સુત્રો તરફથી પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ ૨૭મી મે ના દિવસે જાહેર કરવામાં આવશે જ્યારે ધોરણ-૧૦નું પરીણામ બીજી જૂનના રોજ જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષાનું પરીણામ ૨૩મી મે ના દિવસે જાહેર કરવામાં આવનાર છે. ત્યારે હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦નું પરીણામ ક્યારે જાહેર થશે? તેની વિદ્યાર્થીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ત્યારે શિક્ષણ બોર્ડના સત્તાવાર સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ ચાલુ મહિનાનાં અંતે એટલે કે ૨૭મીના રોજ જાહેર કરવામાં આવે તેવી પુરી શક્યતા છે. જ્યારે ધોરણ-૧૦નું પરીણામ બાજુ જૂનનાં રોજ જાહેર કરવામાં આવનાર છે.

આ પરીણામો જાહેર થતાની સાથે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. બીજી બાજુ શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની વેબસાઈટ ઉપર અપલોટ કરાયેલ ગુજકેટની ચાન્સર કીમાં ૧૦ પ્રશ્નોના જવાબમાં ભૂલ હોવાનો નિષ્ણાંતો આક્ષેપ કરી રહ્યા છે જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની આન્સર કી નિષ્ણાંત અધ્યાપકો દ્વારા રિ-ચેકીગ કરીને આવતીકાલે ફરીતી વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

## સીબીએસઈ દ્વારા ધો-૧૨નું ૨૨ મેના રોજ જાહેર કરાશે

અમદાવાદ, તા.૧૪
દેશની ટોચની ઈજનેરી અને આઈઆઈટી કોલેજોમાં પ્રવેશ માટેની જેઈઈ-એડવાન્સની પરીક્ષા આગામી ૨૫મી મે ના રોજ યોજાવાની છે ત્યારે આ પરીક્ષા પહેલા ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પરીણામ જાહેર કરી દેવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. સીબીએસઈ દ્વારા આ વર્ષે બારમાં ધોરણનું રિઝલ્ટ બાવીસમી મેએ ડિકલેર કરે એવી સંભાવના છે. બે દિવસ પછી દસમાં ધોરણનું રિઝલ્ટ ડિકલેર કરાશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આગામી ૨૫મી મે ના રોજ જેઈઈ-એડવાન્નસી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કારણે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા બારમાં ધોરણનું રિઝલ્ટ ૨૫મી મે પહેલા જ ડિકલેર કરાશે. સીબીએસઈ દ્વારા આ વર્ષે બારમાં ધોરણનું રિઝલ્ટ બાવીસમી મે એ ડિકલેર કરે એવી સંભાવના છે. જેના બે દિવસ પછી દસમાં ધોરણનું રિઝલ્ટ ડિકલેર કરાશે. રિઝલ્ટની જાણકારી વેબસાઈડ પર અપલોડ કરવામાં આવશે. વેબસાઈટના મેઈન પેજ પર રિઝલ્ટની લીંક આપવામાં આવી છે. જેના પર ક્લીક કરવાથી વિદ્યાર્થીઓ પોતાના માર્કસ જોઈ શકશે. બોર્ડ દ્વારા રિઝલ્ટ ડિકલેર થવાના થોડા સમય પહેલા હેલ્પલાઈન નંબર્સ સાથે એસએમએસ એલર્ટની સુવિધા પણ શરૂ કરશે.

## હરિની દૃષ્ટિ...




ભલે આપણું ટી.વી. બગડી ગયું, પરંતુ સાલ ૨૦૦૦ની જેમ, પંખો, લાઇટના થાંભલા હલવા લાગે અને ચીચીયારીઓ પડે તો સમજે જે, કે આપણાં મોદીજી જ આવી ગયા છે...!!

## ધ્રુવ ભટ્ટ લિખિત અકૂપારનું 'વાચિકમ્' જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશન કરશે

અમદાવાદ, તા. ૧૫
અમદાવાદના નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત અને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરાઈ રહેલ આગવી પહેલના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં વાચનની અભિરૂચિ વધારવાના પ્રતિ માસ 'પુસ્તક પરિચય શ્રેણી'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણીના દ્વિતિય પદમાં લેખક ધ્રુવ ભટ્ટને તેમના પુસ્તક 'એકૂપાર'નો પરિચય આપવા આમંત્રિત કરાયા છે અને તે ઉપરાંત અકૂપારનું 'વાચિકમ્' જશવંત ઠાકોર મેમોરિયલ ફાઉન્ડેશન ટીમ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમ તા. ૨૦મી મે એ સાંજે ૬.૦૦ વાગે કેસીજી કેમ્પસના હોલમાં યોજાશે.

આ પ્રસંગે અગ્ર શિક્ષણ સચિવ સંગીતા સિંઘ, કેસીજીના સીઈઓ અને ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણ કમિશનર ડૉ. જયંતિ એસ. રવિ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા દરેક સાહિત્ય રસિકને આમંત્રણ અપાયું છે. આ માટેના પ્રવેશ પાસ એલડીએન્જીનિયરીંગ કોલેજ પાસે પીઆરએલ સામે આવેલ કેસીજી કેમ્પસ 'પ્રજ્ઞાપૂરમ' ખાતેથી સવારના ૯ થી સાંજના ૯ વાગ્યા સુધી નિઃશુલ્ક મળી શકશે.

# 'શુકદાન' ...સાચા પ્રેમને રાજી રાખવા માટે પ્રેમી કવિએ આપેલું 'બલિદાન...'

ગાંધીનગર ટાઉન હોલમાં 'કસ્તુરબા', 'અંકુપાર' પછી 'શુકદાન' નાટક એટલે રંગભૂમિ અને એના કલાકારોથી નાટકો વારસો આગળ વધારવાનો શ્રેષ્ઠતમ પ્રયાસ.. વિશ્વનાં સૌથી વધુ ભજવાતાં દસ નાટકો પૈકીનું એક એટલે ફ્રેન્ચ નાટક. 'સિરાનો દ બર્જેશક' અને આ નાટકને ભારતીય ટચ સાથેનું રૂપાંતર કર્યું જાણીતા કવિ ચીનુ મોદીએ. મૂળ કવિનો જીવ એટલે નાટકમાં એમણે કવિતાઓ ઉપયોગ કરી નાટક લાગણી નિતરતું કર્યું.

અઢારમી સદીનો સમયગાળો અને તખ્તા પર ભજવાતા અસ્સલ ભાતીગળ નાટકને આબાદ ઝીલવાનું કામ કર્યું છે યુવા દિગ્દર્શક ચિંતન



પંડ્યાએ. લાઈવ સંગીત, ટ્રેડીશનલ સેટસ, સિનની અદ્ભુત ગોઠવણી, કલાકારોનું પરફોર્મન્સ, લાગણી નીતરતાં ડાયલૉગ્સ, કવિતા, ગઢવી સૌની ગાથામાં વીર રસનું પાન.. જોતજોતામાં ભૂતકાળમાં પહોંચીને નાટકને માણતાં હોઈએ એવું લાગે. મુંબઈના નાટકો વખણાય છે. પણ ઉપર લખ્યા મુજબના નાટકો બીલકુલ પ્રોફેશનલ ટચ સાથે રજૂ થાય છે ત્યારે ગર્વપૂર્વક કહી શકાય કે ગુજરાતી સર્જકો મુંબઈ થિયેટરને ટક્કર આપે એવાં સર્જન કરે જ છે!

નાટકની વાર્તામા મુખ્ય પાત્ર 'શુકદાન' છે. શુક એઠલે પોપટ, અને પોપટની જેવી લાંબી ચાંચ જેવું નાક ધરાવતાં નાટકને એ નડતર રૂપ છે. નાયક કવિ છે, પ્રેમી છે અને ચારણ હોવાં છતાં શુરવીર છે. એ પોતાના નાકને કારણે લઘુતાગ્રંથિ ધરાવે છે અને એટલે એ માનકુંવર એટલે કે નાટકની નાયિકાને પોતાનાં પ્રેમનો એકરાર કરી શકતો નથી. પોતે દિલદાર હોવાને નાતે અને પોતાનાં પ્રેમ રાજી રાખવા માટે પ્રિય પાત્રના સુખ ખાતર એ પોતાનું બલિદાન આપે છે... મુખ્ય બે પાત્રોની આસપાસ ફરતી વાર્તાના ડાયલૉગ્સ અને કવિતાઓ નાટકનું હાર્દ છે.

ડાબે હાથે દાડમડીને જમણે હાથે તું, જમણા હાથે દાડમ જેવું શું મને કહે ને તું? જેવા ભવાઈ ગતી સાથે દશ્ય શરૂ થાય છે નાટકના નાયક શુકદાનની એન્ટ્રી થાય છે. 'નામ છે શુકદાન મારું, ને કવિતાનો સાથ છે, એક હાથે છે કલમ, તલવાર બીજે હાથ છે' અને અન્ય પાત્ર ફટાયા કુંવર રણજીત અને શુકદાન વચ્ચે એનાં લાંબા નાકની ચર્ચા થાય છે અને બેયની ચડસા ચડસી છેલ્લે લાઠી દાવમાં પલટાય છે અને 'માનકુંવર'ની હાજરીમાં શુકદાન રણજીતને હરાવે છે. માનકુંવર શુકદાનને મળવા ઓચ્છવ કંદોઈના વાડામાં બોલાવે છે...

ઓચ્છવર એ કંદોઈ છે. ફાફડા-જલેબી બનાવતો કારીગર પણ એ કવિ જીવ છે. ફાફડા- જલેબીની રેસીપી સાથે રમુજી 'ઓચ્છવ શરણમ ગચ્છામી..' ગતી લલકારે છે અને અહીં જ નાયક- નાયિકાની મુલાકાત થાય છે. શૈશવના સંગાથી એવા શુકદાનને ગઈકાલે રણજીતને રફેદફે કરી દેવા બદલ વખાણે છે, કારણ રણજીત માનકુંવરને પ્રેમ કરતો હોય છે જ્યારે માનએ પસંદ નથી. માન કોઈકને ચાહે છે અને શુકદાનને એમ કે માન હમણાં એનું નામ લેશે. પણ એ બીજા અન્ય પાત્ર ઈન્દ્રનું નામ લે છે. 'આંખોની ભાષા ઉકેલતાં આવડે તો જ પ્રેમ થાય છે.' એવું શુકદાનને સમજાવે છે. શુકદાન શુરવીર છે એટલે માન ઈન્દ્ર માટે એના તરફથી અભય વચન માગે છે અને એને પોતાનો મેળાપ કરાવવાની વાત કરે. અને પોતાનો પ્રેમ એવાં માન માટે શુકદાન ઈન્દ્રને મિત્ર બનાવવાની ખાત્રી આપે છે.




માનને ફાનસ આપી 'મારગમાં હવે અંધારું છે અને શુકદાનનું હૃદય ચિરાયું હોવાં છતાં એ માનને પ્રેમ કરે છે એટલે 'સાચો પ્રેમ એમાં જ છે, જેને આપણે પ્રેમ કરતાં હોઈએ એ રાજી રહે એવું કરીએ...' ડાયલૉગ્સ પ્રેક્ષકોને હચમચાવી મુકે છે.

'એક હાથમાં કિત્રો રાખે, તલવાર છે બીજે હાથ,
સુરો છે શુકદાન એકલો, ધીંગાણુ ભાઈ ધીંગાણું.'

જેવાં ગીત સાથે વજેસંગ બાપુના ડાયરામાં શુકદાન આવે છે. ને 'ત્રમ ત્રમ કરતાં અંધારામાં' નું વિર રસનું કાવ્ય સંભળાવે છે. શુકદાન બાપુની નોકરી નકારતાં કહે છે, 'બાપુ, આપનો ઓશિંગણ છું, પણ સાવજને પાંજરે પૂરવાનું છોડો, હું તો ગરીબની મા સરસ્વતીનું સંતાન, લુખ્ખી- સુખ્ખી ભાખરીની હા, પણ રાજની ચાકરીની ના..' અને 'ગણતરી વાણીયો માંડે, મારી વાણી કે તલવાર કોઈની મરજીથી નહીં ચાલે...' જેવાં ચોટદાર સંવાદો નાટકનું પ્રાણ બની રહ્યા છે.

**ફ્રેન્ચ નાટક 'સિરાનો દ બર્જેરાક' નું ભારતીય રૂપાંતર 'શુકદાન'માં કવિ ચીનુ મોદીનું લેખન અને કવિતાઓ, મીરાં લખિયાના અઢારમી સદીનાં સેટસ, ચિંતન પંડયાના દિગ્દર્શનમાં ઝિલાયેલા અદ્ભુત એન્ગલ, હસમુખ ચાવડાની તાર શરણાઈ અને લાંબા નાકવાળા નાયકની આસપાસ ફરતી વાર્તાના નાટકનું નાક રાખનારી ગાંધીનગરની કલાકાર બિન્દ્રા ત્રિવેદી સાથે જૂની રંગભૂમિની યાદદાસ્ત તાજી**

ઈન્દ્રજીત અને શુકદાનના પરિચયનો સીન અને એમાં 'આંધળો, લંગડાને ખભે બેસાડશે'ની માર્મિકતા સાથે શુકદાન ઈન્દ્રજીતનાં બદલે માનને કાગળ લખે છે. માનકુંવરનો પ્રેમ જીતવા માટે 'દેહ તારો, આત્મા મારો, હૃદય તારું ધબકાર મારો...' સાથે શુકદાન ઈન્દ્રને ખાતરી આપે છે.

'કાજળ ઘેરા વાદળ વચ્ચે, વીજ ઝબકતી તું,
ચારુ ચાલે ચંદન વનમાં, હવા મલકતી તું..'

પ્રેમાળ પંકિતઓનો કાગળ માનને મળી ચૂક્યો છે અને એમાં 'પાસે પાસે છેક જ શ્વાસે કેમ અટકતી તું? સાથે માન મુડમાં છે. ઈન્દ્ર સાથે માનની મુલાકાત થયા છે, પણ કાગળમાં લખેલી કવિતા જેવું ઈન્દ્ર કહી શકતો નથી અને માન 'મારા રૂપને જોઈને જેને વાણીની પાંખોના ફૂટે એ મારે મન કુબડો છે' ના ટોણા સાથે છોડી જાય છે.. માન ઝરૂખે છે ઈન્દ્ર નીચે અને પાછળથી પ્રોમ્ટીંગ કરીને શુકદાન ઈન્દ્રને બોલવામાં મદદ કરે છે અને પછી પોતે જ શાલ ઓઢી ઉભો થાય છે અને કહે છે કે 'મારી પાસે બે અવાજ છે એક પ્રેમીનો અને બીજો કવિનો...' અને છેલ્લે શુકદાન પોતાની સાક્ષીએ ઈન્દ્ર અને માનકુંવરના ઘડિયા લગ્ન લેવડાવી દે છે.

યુદ્ધની છાવણીના મેદાનમાં ઈન્દ્ર છે અને ત્યાં ઓચ્છવ માનને મળવા લાવે છે. ત્યારે શુકદાન ઈન્દ્રને કહે છે કે યાદ રાખજે તેં એને ખૂબ કાગળ લખ્યાં છે. એ કાગળનાં લખાણ પર માન એને મળવા આવી હોય છે. માનકુંવર મારા અંદરના રૂપને ચાહે છે.. અને પછી સર્જાય છે ટ્રેજેડી, અને ઈન્દ્રજીત મૃત્યુ પામે છે, શુકદાન ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે...

'તને કદી કહીના શકયો હું મને કેટલો પ્રેમ,
તને નદીને શું સમજાવું દરિયો ઉછળે કેમ?'

દસ વર્ષનો જમ્પ મરાવી નાટક એનાં અંત તરફ વળે છે જયાં મોધી અને માન સાધ્વી બની ચૂકયા છે. શુકદાન દર શનિવારે એમને મળવાં આવે છે.. પણ પછી શું થાય છે? નાટકનો અંત શો? એ જણાવીએ તો ભવિષ્યમાં એનો આનંદના ઉઠાવાય એટલે નાટકની વાત પર અહીં જ પરદો પાડી દઈએ...

'ભવની ભવાઈ' માટે નેશનલ એવોર્ડ મેળવનાર મીરા લાખિયા આ નાટકના સેથ્સ દ્વારા થિયેટરમાં કમબેક કરે છે. સેટસમાં વપરાયેલી વસ્તુઓ દરેક દશ્યને જીવંત બનાવવા કામ આવી છે. લાઈવ સંગીતમાં ગાંધીનગરનાં ડૉ. કેદાર ઉપાધ્યાય, દિલરૂબા સાથે સારી સંગત કરી છે. કલાકારોમાં 'શુકદાન-પ્રિયાંક ઉપાધ્યાય અને બ્રિન્દ્રા ત્રિવેદીએ આખું નાટક જીવી જાણ્યું છે. અન્ય પાત્રોએ પણ એમનાં ભાગનો રોલ બખૂબી નિભાવ્યાં છે.. ૧૮૮૦ની સાલમાં વપરાતાં કપડાં અને એની ગુણવત્તા-લુકને ધ્યાનમાં રાખતાં કોસ્ચ્યુમ્સ કલાકારોને આગવો ટચ આપે છે.. નાટકમાં એક પુરુષ પાત્રએ સ્ત્રીની ભૂમિકા ભજવી છે, જે જૂના જમાનામાં સહજ ગણાતું.. 'માન'ના પ્રેમીનું પ્રતિક સમાન રૂમાલ રાખતો 'શુકદાન' અને અંતમાં એ રૂમાલથી અભિવ્યકત થતો પ્રેમ દિગ્દર્શકની સૂચકતા દર્શાવે છે... એ સમયનાં શબ્દોનાં પ્રયોજનમાં 'ધોલકીના', 'ધામ', 'ફટાયા કુંવર' જેવાં શબ્દો વાતાવરણને સજાવે છે...

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા લાભાન્વીત અને સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે, ફ્રી નાટીકા થિયેટર કલબ- ટ્રાન્સઈન્ડસ ફાઉન્ડેશનના સર્જન સમુ 'શુકદાન' નાટક સ્ત્રી દેહને નહીં પણ સ્નેહને જાણે છે ને ઉજાગર કરતું લાગ્યું... એક માત્ર લાંબા નાકના નડતરને કેન્દ્રબિંદુ બનાવી પ્રેમની ટ્રેજડી અને હળવી રમૂજ સાથેનું આ નાટક અને એના સર્જકોની પીઠ થાબડવી પડે... ટાઉન હોલમાં સાઉન્ડ સિસ્ટમના ધાંધીયાને કારણે પ્રેક્ષકોને માણવાં ગમે એવાં ડાયલૉગ્સ અને કાવ્યો ગુમાવવાં પડે એમાં પ્રેક્ષકો અને કલાકારો બંનેને અન્યાય થાય છે અને રૂચીભંગ થાય છે. 'શુકદાન'ને તો એનો પ્રેમ મેળવવા લાંબુ નાક નડી ગયું અને પ્રેક્ષકોનું નાક રસભંગને લીધે ચઢી ગયું...

